ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૫ — ૫ એપ્રિલ, ૨૦૨૦, રવિવાર; ચૈત્ર સુદ - ૧૨ — પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩૫૦૧

**દેશમાં વધુ ૧૦૨ નવા પોઝિટિવ કેસ : મૃત્યુઆંક ૯૮ : ૧૮૩ લોકો સ્વસ્થ થયા : દિલ્હીના સરગંગારામ હોસ્પિટલના ડોક્ટર્સ, નર્સો સહિત સ્ટાફના ૧૦૮ લોકોને ક્વોરન્ટીન કરાયા**



નવી દિલ્હી, તા.૪

વિશ્વમાં ભારે હાહાકાર મચાલી રહેલા કોરોના વાયરસના કારણે ભારતમાં પણ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઈ રહ્યો છે. દેશના ૩૦ રાજ્યો હવે કોરોનાના સકંજામાં આવી ચુક્યા છે. દેશના તમામ રાજ્યોમાં તેનો ફેલાવો થઈ ગયો છે. સાથે સાથે લોકડાઉનની સ્થિતી વચ્ચે કોરોનાને ફેલાતા રોકવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યા દરેક રાજ્યોમાં વધી રહી છે. જે ચિંતા ઉપજાવે છે. સાથે સાથે તંત્ર સામે અને અન્યો સામે પડકાર પણ ઉભા કરે છે. આજે કેસોની સંખ્યા વધીને ૩૨૫૬ સુધી પહોંચી ગઈ છે. જ્યારે રિકવર થયેલા લોકોની સંખ્યા વધીને ૨૨૯ સુધી પહોંચી છે. ભારતમાં મોતનો આંકડો પણ વધી રહ્યો છે. મોતનો આંકડો વધીને ૭૦ ઉપર પહોંચી ગયો છે. મોતના આંકડા અને કેસોની સંખ્યામાં હાલમાં વિરોધાભાસની સ્થિતી રહેલી છે. દેશમાં પણ લોકડાઉની સ્થિતી હોવા છતાં અને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. જેના કારણે તમામ ચિંતાતુર છે. તેને અંકુશમાં લેવા માટે સફળતા મળી રહી નથી. એક્ટિવ કેસોની સંખ્યા પણ બે હજારથી ઉપર રહેલી છે.

● અનુસંધાન પાન-૭ પર

| ક્યાં | વિશ્વ | ભારત | ગુજરાત | ગાંધીનગર |
|---|---|---|---|---|
| કેસ | ૧૧૫૯૯૫૩ | ૩૫૦૧ | ૧૦૮ | ૧૩ |
| મૃત્યુ | ૬૨૩૯૯ | ૯૧ | ૧૦ | ૦૦ |

## પીએમ મોદીના આહવાનથી આજે રાત્રે કરોડો દિવડાઓ પ્રગટાવાશે

**કોરોનાને હરાવવા રાત્રે ૯ વાગીને ૯ મિનિટે ભારત અંધકારથી નિકળીને પ્રકાશની તરફ જશે : કોરોના સામેની લડાઇમાં આપણે સૌ એક છીએ એવી એક મનોબળની લાગણીનો અહોભાવ પણ લોકોમાં જોવા મળી શકે છે**

નવીદિલ્હી, તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ બાદ આવતીકાલે રવિવારના દિવસે દેશભરમાં રાત્રે નવ વાગે નવ મિનિટ માટે દિપ પ્રગટાવવા માટેની તૈયારી લોકો કરી રહ્યા છે. લોકોમાં મોદીની આ અપીલની જોરદાર અસર પણ દેખાઈ રહી છે. મોદીએ સૌથી પહેલા કોરોના વાયરસના જોરદાર પ્રકોપ વચ્ચે જનતા કર્ફ્યુની જાહેરાત કરી હતી જેને લઈને લોકોએ કઠોરરીતે પાલન કરીને એકતાના દર્શન કરાવ્યા હતા. ત્યારબાદ મોદીએ રાષ્ટ્રજોગ સંબોધન કરીને ૨૧ દિવસ માટે રાષ્ટ્રવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી હતી. લોકડાઉનની જાહેરાત થયા બાદથી દેશભરમાં લોકો કઠોર નિયમો પાળી રહ્યા છે. આવી સ્થિતિમાં તેમની અપીલ ઉપર આવતીકાલે



લોકો રાત્રે નવ વાગે નવ મિનિટ સુધી પોતપોતાના

● અનુસંધાન પાન-૭ પર

# મહારાષ્ટ્રમાં કોરોના આતંક વધ્યો

**એકલા મુંબઇમાં ૨૪ કલાકમાં જ વધુ ૪૩ કેસો સપાટીએ : લોકડાઉનની અવધિ લંબાવાય તેવી શક્યતા**

નવી દિલ્હી, તા. ૪

વાણિજ્ય પાટનગર મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં કોરોનાના કારણે ભારે હાહાકાર મચી ગયો છે. દેશમાં સૌથી વધારે કેસો મહારાષ્ટ્રમાં નોંધાયા છે. મહારાષ્ટ્રમાં વધતા જતા કોરોનાના કેસોને ધ્યાનમાં લઈને એવા સંકેત મળી રહ્યા છે કે અહીં લોકડાઉનનો ગાળો વધારવામાં આવી શકે છે. કારણ કે કેસો વધી રહ્યા છે. દેશના તમામ રાજ્યો યુદ્ધના સ્તર પર પગલા લઈ રહ્યા હોવા છતાં સ્થિતી બેકાબુ બનેલી છે. મહારાષ્ટ્રમાં હજુ સુધી કેસોની સંખ્યા ૪૯૦ સુધી પહોંચી ગઈ છે. જ્યારે મોતનો આંકડો પણ વધી રહ્યો છે. મહારાષ્ટ્કમાં કોરોનાના વધતા જતા કેસો વચ્ચે આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેએ કહ્યુ છે કે પ્રદેશના કેટલાક હિસ્સામાં લોકડાઉનનો ગાળો વધારી દેવામાં આવી શકે છે. ટોપેએ વધુમાં કહ્યુ છે કે હાલમાં જ આવેલા કેટલાક નવા કેસોને ધ્યાનમાં લઈને પ્રદેશના કેટલાક હિસ્સામાં લોકડાઉનની અવધિને લંબાવી શકાય છે. લોકડાઉનની અવધિ દેશમાં ૧૪મી એપ્રિલના દિવસે પૂર્ણ થવા જઈ રહી છે. તેમણે કહ્યુ હતુ કે તેઓ વ્યક્તિગતરીતે આ પ્રકારની ઈચ્છા રાખે છે. લોકડાઉનની અવધિ વધવાથી લાભ થઈ શકે છે. જો કે સરકાર તરફથી આવો કોઈ નિર્ણય કરવામાં આવી રહ્યો નથી. મહારાષ્ટ્રમાં કોરોનાના કારણે મોતનો આંકડો વધીને ૨૬ ઉપર પહોંચી ચુક્યો છે. મુંબઈમાં હવે સીઆઈએસએફના ૭ જવાનો પણ કોરોના વાયરસના શિકાર આવ્યા છે. વાણિજ્ય પાટનગર મુંબઈમાં હાલત ખરાબ થઈ રહી છે. અહીં કેસોની સંખ્યા ઝડપથી વધી રહી છે. મુંબઈના ધારાવીમાં કોરોનાના પોઝિટીવ કેસ સપાટી પર આવતા ચિંતા વધી ગઈ છે.

## તબલીગી પર તવાઈ

**ફંડિંગ માટેના સોર્સ જણાવવા હુકમ : વિદેશીઓની તમામ માહિતી પણ આપવી પડશે : વાતો નિકળી છે તો દુર સુધી જશે : મરકઝના મૌલાના સાદ સહિત સાત સભ્યોને નોટિસ**

નવી દિલ્હી, તા. ૪

કહેવામાં આવે છે ને કે વાત નિકળી છે તો દુર સુધી જશે. આ કહેવત હવે તબલીગી મામલે સાચી પડતી દેખાઈ રહી છે. કારણ કે તબલીગી જમાત અને તેના નિઝામુદીન મરકજની હરકતના કારણે દુર દુર સુધી કોરોનાના કેસો સપાટી પર આવી રહ્યા છે. આવી સ્થિતીમાં તબલીગી પર સકંજો મજબુત કરવામાં આવ્યો છે. દિલ્હી પોલીસે હવે મરકઝના મૌલાના સાદ કંધાલવી સહિત તબલીગી જમાતની કોર કમિટીના સાત સભ્યોને નોટીસ ફટકારી દીધી છે. આ સાતેયની શોધખોળમાં રહેલી પોલીસને કહેવામાં આવ્યુ છે કે કોઈ પણ જગ્યાએ તપાસમાં ઘુસી જતા પહેલા તમામ બાબતોને ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે. કારણ કે આ સાતેય પણ કોવિડ-૧૯થી પિડિત હોઈ શકે છે. મરરઝ પર સકંજો મજબુત કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યોને ૧૭૨૮૭ કરોડની સહાય

**અમિત શાહના નેતૃત્વમાં યોજાયેલ બેઠકમાં નોંધપાત્ર રકમ મંજુર : કોરોના વિરૂદ્ધ લડાઈ જુદી જુદી રીતે લડવા સહાય**

નવી દિલ્હી, તા. ૪

વૈશ્વિક મહામારી બની ચુકેલા કોરોના વાયરસ સામે જંગ લડવા માટે મોદી સરકારે રાજ્યોને ૧૭૨૮૭ કરોડની આર્થિક સહાયતા મંજુર કરી દીધી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નેતૃત્વમાં યોજાયેલી આ બેઠકમાં જંગી સહાયતા મંજુર કરવામાં આવી હતી. ૧૭૨૮૭ કરોડ રૂપિયાની આર્થિક સહાયતા રાજ્યોને આપવામાં આવી છે. બેઠકમાં એસડીઆરએમએફથી ૧૧૦૯૨ કરોડ રૂપિયા રાજ્યોને આપવા માટે મંજુરી અપાઈ છે. નાણામંત્રાલય દ્વારા ૧૪ રાજ્યોને રાજસ્વ નુકસાન અનુદાન હેઠળ ૬૧૯૫ કરોડ રૂપિયા જારી કર્યા છે. ગૃહમંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે, કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૦-૨૧ માટે એસડીઆરએમએફની પ્રથમ હપ્તાની રકમ તરીકે ૧૧૦૯૨ કરોડ રૂપિયાની રકમ જારી કરી છે. મંત્રાલયના કહેવા મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારના દિવસે વિડિયો કોન્ફરન્સિંગ મારફતે જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરી હતી તે વખતે મોદીએ રાજ્યોને આર્થિક સહાયતા ઉપલબ્ધ કરાવવાની જાહેરાત કરી હતી. કોરોના વાયરસને રોકવા એ તેને આગળ વધતા અટકાવવા માટે રાજ્યોને મોટી રકમ ઉપલબ્ધ કરાવવા માટે અગાઉ લીલીઝંડી આપવામાં આવી હતી. આ ફંડનો ઉપયોગ રાજ્ય સરકારો કોરોના વાયરસને અટકાવવા માટે કરશે. કોરોના સંકટ ખતરનાક સ્થિતિમાં છે ત્યારે જુદી જુદી વ્યવસ્થા કરવા માટે સરકારોને સૂચના આપવામાં આવી છે. રાજ્ય સરકારો આઈસોલેશન વોર્ડની રચના કરવા, સેમ્પલ કલેક્શન કરવા, સ્ક્રિનિંગ સેન્ટરની સ્થાપના કરવા, વધારાના પરીક્ષણ માટે પ્રયોગશાળા સ્થાપવા, આરોગ્ય સુરક્ષા, સરકારી અધિકારીઓ માટે સુરક્ષા સાધનો ઉપલબ્ધ કરાવવા, સુરક્ષા સાધનોની ખરીદી, વેન્ટીલેટર અને થર્મલ સ્કેનરોની ખરીદી માટે આ રકમનો ઉપયોગ કરવામાં આવશે. મોદી સરકારે કોરોના વાયરસ સામે જંગ લડવા રાજ્યોને બનતી તમામ સહાયતા ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી છે. દુનિયાના ૨૦૫ દેશો કોરોના વાયરસના સકંજામાં છે ત્યારે ભારત સરકાર પણ પોતાના સ્તર પર કોરોના વાયરસ સામે લડાઈ લડી રહી છે. આના ભાગરુપે આ સહાયતા જારી કરવામાં આવી રહી છે. હજુ વધુ સહાયતા આપવામાં આવે તેવી શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

## છેલ્લે... છેલ્લે...

- અમદાવાદ શહેરમાં રાત્રે ૧૨ વાગ્યા બાદ તમામ ખાનગી વાહનો પર પ્રતિબંધ મુકાયો. માત્ર સરકારી અને મીડિયાના વાહનો જ આવન-જાવન કરી શકશે.
- રાજકોટની જ્યોતિ સી.એમ.સી.નું વેન્ટિલેટર 'ધમણ-૧' વિકસાવાયું. એક સપ્તાહમાં એક હજાર વેન્ટિલેટર ગુજરાત સરકારને ભેટ અપાશે.
- દિલ્લી નિજામુદીન મરકઝથી ગુજરાત આવેલા ૧૧૦ વ્યક્તિઓને શોધી કઢાયા છે. જેમની સામે ગુનો દાખલ કરાયો છે.
- રાજ્યભરમાંથી આજે ૨૭૨૪ વ્યક્તિઓની અટકાયત કરાઈ, જ્યારે ૮૧૭૨ વાહનો જપ્ત કરાયા છે.
- તબલીગી જમાત સાથે સંબંધિત ૧૭ રાજ્યોના ૧૦૨૩ જમાતીઓને કોરોના પોઝિટીવ.
- દેશના ડૉ. સારિકા વર્માએ પ્રધાનમંત્રી સમક્ષ આરોગ્ય તબીબીઓની સલામતી માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવા પત્ર લખ્યો.
- દેશના સૌથી વધુ પોઝિટીવ કેસ ધરાવતા રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૫૩૭ |
| તામિલનાડુ | ૪૮૫ |
| દિલ્લી | ૪૪૫ |
| કેરલ | ૩૦૬ |
| ઉત્તરપ્રદેશ | ૨૩૪ |
| તેલંગાણા | ૨૨૯ |
| રાજસ્થાન | ૨૦૦ |
| આંધ્રપ્રદેશ | ૧૯૦ |
| મધ્યપ્રદેશ | ૧૫૪ |
| કર્ણાટક | ૧૪૪ |

- ભારતમાં કોરોના વાયરસના વધી રહેલા પ્રકોપને ધ્યાનમાં રાખીને ફીફાએ આગામી મહિલા અન્ડર-૧૭ વર્લ્ડ કપ મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે. ભારતે ૨ થી ૨૧ નવેમ્બર સુધી ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું.

# કોરોનાથી વિશ્વની સ્થિતિ કફોડી

**મોતનો આંકડો ૫૯ હજારથી પણ ઉપર પહોંચ્યો : વિશ્વભરના ૨૦૫ દેશોમાં કોરોનાનો હાહાકાર જારી હોવા છતાં તમામ દેશો નિસહાય : કોરોનાને રોકવામાં નિષ્ફળતા**

નવી દિલ્હી,તા. ૪

દુનિયાના ૨૦૫ દેશો હવે કોરોનાના ભરડામાં આવી ચુક્યા છે. દરરોજ મોટી સંખ્યામાં લોકો મોતના મુખમાં જઈ રહ્યા છે. હજારોની સંખ્યામાં નવા લોકો રોજ





કોરોનાના સકંજામાં આવી રહ્યા છે. આવી સ્થિતીમાં હાલત ચિંતાજનક બની ગઈ છે. હવે ૨૦૫ દેશોમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૦૯૯૭૧૧ સુધી પહોંચી ગઈ છે. આવી જ રીતે મોતનો આંકડો ૫૯ હજારથી ઉપર પહોંચી ગયો છે. અલબત્ત રિક્વર થયેલા લોકોની સંખ્યા પણ ૨૨૮૯૭૫ સુધી પહોંચી છે. હાલમાં તો દુનિયાના કોઈ દેશને તેને રોકવામાં સફળતા મળી રહી નથી. જે ચિંતા ઉપજાવે છે. દુનિયાના દેશો તેની સામે લડી રહ્યા છે પરંતુ કોરોનાના કારણે કેસો અને મોતના આંકડા પર અંકુશ મુકવામાં સફળતા મળી રહી નથી. હાલમાં વિશ્વમાં આશરે ત્રણ અબજ લોકો લોકડાઉનમાં જીવન ગાળી રહ્યા છે. કોરોના વાયરસનો આ આંકડો દરિયામાં પાણીની એક બુંદ સમાન છે. કારણ કે વાયરસના કારણે અસરગ્રસ્ત લોકોની સંખ્યા વિશ્વમાં ખુબ વધારે છે. કેટલાક દેશોમાં તો હવે માત્ર એવા જ દર્દીઓની સારવાર ચાલી રહી છે. જેમને હોસ્પિટલમાં સારવાર આપવાની જરૂર છે. ચીન સરકાર દ્વારા યુદ્ધના ધોરણે પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં વાયરસ પર સંપૂર્ણ કાબુ મેળવી શકાયો નથી. સ્થિતી ચીનમાં સુધરી રહી છે. કોરોના કહેર હજુ જારી રહી શકે છે. દુનિયાના દેશો માની રહ્યા છે કે હજુ એપ્રિલના મહિના સુધી તેનો આતંક યથાવત રીતે જારી રહી શકે છે. કારણ કે કેસોની સંખ્યા વધી છે. હજુ ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓની સંખ્યા હજારોમાં રહેલી છે. આવી સ્થિતીમાં દુનિયાના દેશમાં રિક્વરીમાં સમય લાગી શકે છે. અમેરિકા, ઈટાલી, સ્પેન સહિતના દેશોમાં સ્થિતી વણસી ગઈ છે. જ્યારે ચીન, દક્ષિણ કોરિયા અને જાપાન સહિતના દેશોમાં સ્થિતી હળવી કરવામાં આવી રહી છે. યુરોપમાં ઈટાલી બાદ હવે સ્પેન અમે અમેરિકા પણ ભારે મુશ્કેલી છે. સ્પેનમાં હવે ચીન કરતા વધારે કેસો થઈ ચુક્યા છે. આવી સ્થિતીમાં લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે.

## અમેરિકામાં એક જ દિવસમાં ૧૪૮૦ના મોત

વોશિંગ્ટન,તા. ૪

સુપરપાવર અમેરિકા પણ કોરોના સામે જંગમાં પરાજિત છે કે કેમ તેની ચર્ચા ચાલી રહી છે કારણ કે કેસોની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. સાથે સાથે મોતનો આંકડો પણ વધી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં જ ૧૪૮૦ લોકોના મોત થયા છે. આની સાથે જ અમેરિકામાં મોતનો આંકડો ૭૪૦૨ સુધી પહોંચી ગયો છે. છેલ્લા ૪૮ કલાકના ગાળામાં જ મોતનો આંકડો ત્રણ હજાર સુધી પહોંચી ગયો છે. અમેરિકામાં ન્યુયોર્કમાં હજુ પણ લોકડાઉનની સ્થિતિ કઠોરરીતે અમલી કરાઈ રહી નથી. અમેરિકામાં સ્થિતી કેમ બેકાબુ થઈ છે તેની ચર્ચા છે. ન્યુયોર્કમાં સૌથી વધારે હાલત ખરાબ છે. અહીં ૧૫૦૦થી વધારે લોકોના મોત થયા છે. રિપોર્ટ મુજબ અહી ૪૦ ટકા દર્દીની વય ૫૫ વર્ષથી ઓછી છે. અમેરિકામાં સૌથી પહેલા કોરોનાએ ન્યુયોર્કમાં પગ પેસારો કર્યો હતો. ચીનમાં વાયરસ પર અભ્યાસ કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યુ છે કે હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસના દર્દીઓ વહેલી તકે શિકાર થાય છે.દુનિયામાં કોરોનાથી સૌથી વધારે પ્રભાવિત દેશમાં અમેરિકામાં છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૦૦થી વધારે કેસો સપાટી પર આવ્યા છે. ઉપરાંત મોતના આંકડા પણ વધ્યા છે. મોતનો આંકડો હવે વધીને છ હજારથી વધારે છે.

## કાશ્મીરના કુલગામમાં બે આતંકવાદીઓ ઠાર



જમ્મુ,તા. ૪

દક્ષિણ કાશ્મીરના કુલગામમાં સુરક્ષા દળોને આજે સવારે મોટી સફળતા મળી હતી. કારણ કે સુરક્ષા દળોએ ચોક્કસ બાતમીના આધારે હાથ ધરેલી કાર્યવાહીમાં બે ત્રાસવાદીઓને ઠાર કરી દીધા હતા. પ્રાપ્ત માહિતી મુજબ જમ્મુ કાશ્મીર પોલીસને કુલગામના મંજગામમાં ત્રાસવાદીઓ છુપાયેલા છે તેવી માહિતી મળી હતી. ત્યારબાદ સુરક્ષા દળોએ આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ. આ ઓપરેશન દરમિયાન ત્યાં છુપાયેલા ત્રાસવાદીઓએ એકાએક જોરદાર ગોળીબાર શરૂ કરી દીધો હતો. જેમાં બે ત્રાસવાદીઓ ઠાર થયા હતા.

અથડામણ થયા બાદ કલાકો સુધી ગોળીબારની રમઝટ જામી હતી. જેમાં બે ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. ઠાર થયેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં હથિયારો કબજે કરવામાં આવ્યા હતા. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીઓની ઓળખ હજુ કરવામાં આવી નથી. પોલીસને વિશ્વસનીય માહિતી મળ્યા બાદ આ ઓપરેશન સફળ રહ્યુ હતુ. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ની નાબુદી બાદથી સુરક્ષા દળો જોરદાર રીતે સક્રિય રહ્યા છે. ત્રાસવાદીઓની હિલચાલ પર સતત રાખવામાં આવી રહી છે. સુરક્ષા દળો ત્રાસવાદને કાબુમાં લેવામાં સફળ રહ્યા છે. જો કે હાલમાં કોરોના વાયરસના કારણે દેશભરમાં લોકડાઉનની સ્થિતી રહેલી છે. જેથી તમામ પ્રવૃતિ ઠપ્પ રહેલી છે.